ક્રમાંકઃગુજકા/વેટ/C Form/ ૬/૨૦૦૮-૦૯/જા.૭૩/૬૬

વાણિજ્યિક વેરા કમિશનરશ્રીની કચેરી
ગુજરાત રાજય,
વાણિજ્યિક વેરા ભવન, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખઃ ૧૩/૦૩/૨૦૦૯

# જા હે ર પ રિ પ ત્ર

વિષયઃ 'સી' ફોર્મ ઇસ્યુ કરવા બાબત

સંદર્ભઃ આ ખાતાનો પરિપત્ર ક્રમાંકઃ ગુજકા/વેટ/૬/૨૦૦૮-૦૯/જા.૬૫/૫૯ તા.૧૯.૧૨.૨૦૦૮

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ઉપર જણાવેલ પરિપત્રથી 'સી' ફોર્મ ઇસ્યુ કરવા માટે સુચના પરિપત્રિત કરવામાં આવેલ હતી. આ પરિપત્રમાં પેરા-૫ માં જણાવેલ વિગત બાબત સ્પષ્ટતા મેળવવા માટે રજુઆતો થઇ છે તે ધ્યાને લેતાં નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે. આ સિવાયની પરિપત્રની અન્ય સુચનાઓ યથાવત રહેશે.

૧) 'સી' ફોર્મ મેળવવા ઇચ્છતા વેપારીઓએ તેમની પાસે ઉપલબ્ધ 'સી' ફોર્મનો સંપૂર્ણપણે વપરાશ કરી લેવાનો રહે છે. ઉપલબ્ધ 'સી' ફોર્મનો વપરાશ પુરો થઇ ગયા પછી (એટલે કે જે બેલેન્સ NIL થઇ જાય પછી) જે તે ડીલરે નવા 'સી' ફોર્મ મેળવવા માટે Online અરજી કરવાની રહેશે. ફોર્મનો હિસાબ આપેલ ન હોય તેવા વેપારીઓને નવા 'સી' ફોર્મ આપવામાં આવશે નહીં.

૨) જે વેપારીઓએ તા.૩૦/૬/૨૦૦૮ સુધીના સમય માટેના વ્યવહારો માટે પોતાના હસ્તકના બધાં 'સી' ફોર્મ વાપરી દીધા છે અને તે પછી પણ આ સમય માટેનાં અમુક વ્યવહારો માટે ફોર્મ ખુટે છે તો ખુટતા ફોર્મ માટે વેપારીએ ઘટકમાં અરજી કરવાની રહે છે. આ અરજી સાથે વેપારીએ અગાઉ વાપરેલ 'સી' ફોર્મનો હિસાબ તેમજ નવા મેળવવાના થતાં 'સી' ફોર્મ કયા વ્યવહારો માટે મેળવવાના થાય છે તેની યાદી ઘટક કક્ષાએ રજુ કરવાની થાય છે. આમ યાદી સાથે અરજી કરવાની છેલ્લી તા.૨૫/૩/૨૦૦૯ નકકી કરવામાં આવે છે. આ તારીખ પછી તા.૩૦/૬/૨૦૦૮ સુધીના વ્યવહારો માટે 'સી' ફોર્મ આપવામાં આવશે નહીં. જે

વેપારીઓએ તા.૩૦/૬/૨૦૦૮ સુધીના વ્યવહારો માટે જરૂરીયાત કરતાં વધારે ફોર્મ મેળવેલ હશે તો તેઓને કોઇપણ સંજોગોમાં તા.૩૦/૬/૨૦૦૮ પછીના વ્યવહારો માટે આવા ફોર્મ વાપરી શકશે નહીં. અને ખોટી રીતે માહિતી રજુ કરી વધારે ફોર્મ મેળવનાર સામે કાયદાકીય કાર્યવાહી પણ હાથ ધરી શકાશે.

૩) ક્રમાંકઃ ૨ માં દર્શાવ્યા મુજબનાં વેપારીઓ સિવાયના વેપારીઓ પાસે તા.૩૦/૬/૨૦૦૮ સુધીના વ્યવહારો માટે 'સી' ફોર્મ વાપર્યા પછી પણ 'સી' ફોર્મનો જથ્થો ઉપલબ્ધ છે તેવા વેપારીઓ ઉપલબ્ધ 'સી' ફોર્મનો વપરાશ તે પછીના વ્યવહારો માટે કરી શકશે. આમ ઉપલબ્ધ ફોર્મનો વપરાશ તા.૩૧/૩/૨૦૦૯ સુધીના વ્યવહારો માટે કરી લેવાનો રહેશે. કોઇપણ સંજોગોમાં ઉપલબ્ધ ફોર્મનો ઉપયોગ તા.૩૧/૩/૨૦૦૯ પછીના વ્યવહારો માટે કરી શકશે નહીં.

૪) આમ ઉપલબ્ધ ફોર્મના વપરાશ કરતાં કોઇપણ વેપારી પાસે જરૂરીયાત કરતાં ફોર્મ ઘટે તો વેપારીએ જે તે કવાર્ટરના ખુટતા ફોર્મ અને વપરાયેલ ફોર્મની હિસાબની યાદી ઘટક કચેરીએ રજુ કરવાની રહેશે. સાથે સાથે તેમને જુલાઇ મહિનાથી તેમના VAT અને CST રીટર્ન ઓનલાઇન ભરવાના રહેશે. દા.ત.

(અ) એક વેપારી પાસે જુન-૨૦૦૮ સુધીના વ્યવહારો માટે ફોર્મ વાપર્યા પછી ૧૦ ફોર્મ બાકી રહે છે પરંતુ તેને જુલાઇ થી સપ્ટેમ્બર સુધીના ત્રિમાસ દરમ્યાન ૨૦ ફોર્મની જરૂરીયાત છે તો આ વેપારીએ ઉપલબ્ધ ફોર્મ વાપરી તેના હિસાબની યાદી અને બાકીના કયા ૧૦ વેપારીઓ માટેના વ્યવહારો માટે 'સી' ફોર્મની જરૂરીયાત છે તે જણાવતી યાદી ઘટક કચેરીને આપવાની રહેશે.

(બ) વેપારીની પાસે ૧૦ ફોર્મ ઉપલબ્ધ છે પરંતુ જુલાઇ થી સપ્ટેમ્બર,૨૦૦૮ સુધીના ત્રિમાસ માટે ફકત ૫ ફોર્મ જ વાપરવાના થાય છે અને ઓકટોબર થી ડીસેમ્બર સુધીના ત્રિમાસ દરમ્યાન ૧૫ ફોર્મની જરૂરીયાત ઉભી થાય છે તે સંજોગોમાં વેપારીએ જુલાઇ થી સપ્ટેમ્બર,૨૦૦૮ સુધીના ત્રિમાસ દરમ્યાન ૫ ફોર્મ તેમજ બાકીના ૫ ફોર્મ ઓકટોબર થી ડીસેમ્બર,૨૦૦૮ સુધીના ત્રિમાસ દરમ્યાન વાપરી લેવાના રહેશે. અને ઓકટોબર થી ડીસેમ્બર,૨૦૦૮ સુધીના ત્રિમાસ દરમ્યાનના કવાર્ટર માટેના બાકી ફોર્મ માટેની યાદી વપરાશ કરેલ ફોર્મની યાદી સાથે ઘટક કક્ષાએ રજુ કરવાની રહેશે.

આમ ખુટતા ફોર્મ વેપારીને Online system પ્રમાણેની વ્યવસ્થા મુજબ જ તેમના ધંધાના સ્થળે મોકલી આપવામાં આવશે. અત્રે એ નોંધનીય છે કે, 'સી' ફોર્મ મેળવવા કે તેનો વપરાશ કરતાં દરેક વેપારીએ C.S.T. અને VAT

રીટર્ન Online ભરવું ફરજીયાત રહેશે. વેપારીએ માહે જુલાઇ-૨૦૦૮ અને તે પછીના તે તમામ ટેક્ષ પીરીયડ માટે CST તથા VAT ના e-return ભરવાના રહેશે. જો કોઇ કવાર્ટર / કોઇ ટેક્ષ પીરીયડમાં વેપારીએ આંતરરાજય વ્યવહારો માટે ફોર્મ્સ લેવાનાં થતાં ના હોય તો પણ વેપારીએ VAT અને CST return blank Appendix સાથે website પર upload કરવાનાં રહેશે. તા.૩૧/૩/૨૦૦૯ સુધીના વ્યવહારો માટે ફોર્મ વાપરી દીધાં પછી ફોર્મ વણવપરાયેલ રહે તો તેવા બધા ફોર્મ તા.૧૦/૫/૨૦૦૯ સુધીમાં વાપરેલ ફોર્મની યાદી સાથે ઘટક કક્ષાએ પરત કરવાના રહેશે.

સહી/-

(પી.કે.પૂજારી)

વાણિજ્યિક વેરા કમિશનર

ગુજરાત રાજય, અમદાવાદ

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. અધિક સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી,ગુ.રા., અમદાવાદ
૬. સઘળા સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા.,અમદાવાદ
૭. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૮. સઘળા સહાયક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૯. સઘળા વાણિજ્યિક વેરા અધિકારીશ્રી, ગુ..રા.,અમદાવાદ
૧૦. આ કચેરીની સઘળી શાખાઓ તરફ
૧૧. ૧૦ નકલ મહાપાત્ર તાલીમ શાખાને
૧૨. ૧૦ નકલ દફતર શાખાને
૧૩. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૪. એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૫. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૬. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ
(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

સહી/-

( એન.એ.આચાર્ય )

સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)

ગુજરાત રાજય, અમદાવાદ